# મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસની કચેરી

જિલ્લા સેવા સદન - ૩, બ્લોક નં.૧, ૧લો માળ, સરકારી પ્રેસની બાજુમાં, રાજકોટ

Email:- vo-tdd-raj@gujarat.gov.in ફોન નં. ૦૨૮૧-૨૪૭૮૩૭૫


નં.મક/આવિ/રાજ/પ્રિ.શિ/ડિ.જી.પોર્ટલ/શાખા-૭/૨૦૨૦-૨૧ ૨૩૮ થી ૨૬૦ તા.૨૧/૦૧/૨૦૨૧

તાત્કાલિક/સમયમર્યાદા

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

.......................................

.......................................

વિષયઃ- ધો. ૯ થી ૧૦ માં અભ્યાસ કરતા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ માટે વર્ષ ૨૦૨૦-૨૧માં ઓનલાઇન શિષ્યવૃત્તિ / સાયકલની યોજનાનો ડીઝીટલ ગુજરાત પોર્ટલ (Digital Gujarat Portal) પર અમલ કરવા બાબત. (website:https://www.digitalgujarat.gov.in)

સંદર્ભઃ- (૧) કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસની કચેરી ગુ.રા.ગાંધીનગર ના પત્ર નં/આવિ/શિક્ષણ/ફા.નં૧૧૭૨/૨૦૨૦-૨૧/૬૦૨થી૬૧૯/ તા-૨૩/૦૭/૨૦૨૦.

(૨) અત્રેની કચેરીના પત્ર નં.મક/આવિ/રાજ/પ્રિ.શિ/ડિ.જી.પોર્ટલ/શાખા-૭/૨૦૨૦-૨૧ તા.૧૪/૦૮/૨૦૨૦

સવિનય ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, અનુ.જનજાતિ(ST)ના સરકાર માન્ય શાળાઓમાં ધોરણ ૯ થી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ / ગણવેશ સહાયની રકમ સીધા તેઓના બેંક ખાતામાં (DBT)થી જમા થાય તે માટે રાજ્ય સરકાર ધ્વારા તે માટેનું સોફ્ટવેર (Digital Gujarat Portal) વર્ષ ૨૦૧૭-૧૮થી ડેવલોપ કરવામાં આવેલ છે. જે માટે શાળાના આચાર્યશ્રીઓ મારફતે ઓનલાઇન દરખાસ્ત મંગાવી અને e-kuber portal મારફતે NEFT ધ્વારા ઇ-પેમેન્ટ કરવામાં આવે છે. જે સંદર્ભ અનુસંધાને સંસ્થા દ્વારા ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન દરખાસ્ત તૈયાર કરી અત્રેની કચેરીને મોકલી આપવા માટે જણાવવામાં આવેલ હતુ. પરંતુ વર્ષ ૨૦૨૦-૨૧માં આપના જિલ્લા હસ્તકની ઘણી શાળાઓ દ્વારા દરખાસ્ત તૈયાર કરી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન મોકલી આપેલ નથી. જે ખુબ જ ગંભીર બાબત છે.

વધુમાં જણાવવાનું કે, આપના જિલ્લા હસ્તકની શાળાઓ કે જેમણે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન દરખાસ્ત તૈયાર કરેલ નથી/દરખાસ્ત અત્રેની કચેરીને ઓનલાઈન મોકલી આપેલ નથી જેનું લિસ્ટ આપની કચેરીના ઈમેઈલ એડ્રેસ પર મોકલી આપેલ છે. શાળા કક્ષાએથી



Scanned with CamScanner

અનુ.જનજાતિના વિદ્યાર્થીઓના જાતિ આચાર્યશ્રી દ્વારા યોગ્ય ચકાસણી કર્યા બાદ પ્રપોઝલ તૈયાર કરી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન દરખાસ્ત કરવાની રહેશે. જે દરખાસ્ત અત્રેની કચેરીને મળ્યેથી તે અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવાની હોય તેમજ ચાલુ નાણાકીય વર્ષમાં આ અંગેની તમામ કાર્યવાહી પુર્ણ કરવાની સરકારશ્રીની વખતોવખતની સુચના આપવામાં આવેલ છે.

અત્રેની કચેરી હેઠળ સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓ આવતા હોય તેમજ અત્રેની કચેરીનું કાર્યક્ષેત્ર ખુબ જ વિશાળ હોવાના કારણોસર તેમજ જિલ્લા નિરીક્ષકની જગ્યા પણ ન હોવાથી આપના હસ્તકના જિલ્લાઓના શાળા આચાર્યશ્રીઓના સંકલન અને સહકારથી સમયમર્યાદામાં જરૂરી કાર્યવાહી કરવા અંગેની સુચના આપવી.અત્રેની કચેરી દ્વારા અવારનવાર આ અંગેની કાર્યવાહી કરવા અંગે તમામ સંબંધિતોને જણાવેલ છે જેથી સદર કામગીરી લક્ષમાં રાખી તેમજ આદિજાતિના વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈ સદરહુ બાબતને ગંભીરતાથી લઈ શિષ્યવૃતિની દરખાસ્તં પોર્ટલ પર તૈયાર કરવા અંગેની કાર્યવાહી પત્ર મળ્યેથી દિન-૭માં પૂર્ણ થાય તે મુજબની કામગીરી કરવા સુચન છે. જેથી અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/ગણવેશની સહાય સમયસર ચુકવી શકાય તે અંતર્ગત આપના જિલ્લા હસ્તકની તમામ શાળાઓને તેમજ સંબંધિતોને સુચના આપવી તેમજ આ અંગે આપની કક્ષાએ મોનીટરીંગ વ્યવસ્થા કરી તે અંગેની જાણ અત્રેની કચેરીને કરવી.

આમ, સદરહુ બાબતોને ધ્યાને લઈ આચાર્યશ્રીઓ દ્વારા સઘળી કામગીરી તાત્કાલીક પૂર્ણ કરવા તેઓને સૂચના આપવા વિનંતી છે. જેથી જવાબદારીના પ્રશ્નો ઉપસ્થિ થવાનો પ્રશ્ન ન રહે.

મદદનીશ કમિશ્નર(વર્ગ-૧)
આદિજાતિ વિકાસ રાજકોટ

---

પરિપત્ર નં. 678

ક્રમાંક:પરીક્ષા/શિષ્યવૃતિ/૨૦૨૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી
તા.૨૨/૦૨/૨૦૨૧

ઉપરોક્ત પરીપત્રની જાણ તથા કાર્યવાહી સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
સામેલ યાદી મુજબની શાળાઓ,
જિ.અમરેલી

Scanned with CamScanner